(૧૧)

તા. ૨૧/૧૨/૨૦૧૯ - શુક્રવાર - આજકાલ

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી યુનિયન બજેટ ૨૦૨૦ સંદર્ભે વિચારગોષ્ઠી યોજાઈ

**આજકાલ કાર્યાલય–જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ચેમ્બર સંલગ્ન વિવિધ એસો. દ્વારા તા.૨૧-૧૨-૨૦૧૯ ના રોજ ચેમ્બર ખાતે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં વિજેતા થયેલ જામનગરના સાંસદ પુનામબેન માડમનો અભિવાદન સમારંભ તથા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના યુનિયન બજેટ અંગે ચર્ચા વિચારણા કરવા એક વિચાર ગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરુઆતમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ આજના કાર્યક્રમના મુખ્ય મહેમાન પુનમબેન માડમ તથા ઉપસ્થિત સૌનું સ્વાગત કરતા જણાવેલ કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં સાંસદ તરીકે વિજેતા થયેલ પુનમબેન માડમને સન્માનીત કરવાની તક ચેમ્બરને સાંપડેલ છે. વધુમાં ચેમ્બર દ્વારા પેનલ બેઠકો યોજી મુદાઓ તૈયાર કરી પ્રતિવર્ષ યુનિયન બજેટ અંગને સુચનો મોકલવામાં આવે છે. આ વર્ષે આપણા સાંસદ સાથે યુનિયન બજેટ ૨૦૨૦ ના સુચનો અંગે ચર્ચા વિચારણા કરવા અને આપણા પ્રશ્નોને સાંસદના સાથ અને સહકારથી નાણામંત્રી સમક્ષ રજુ કરવા આજની બેઠક યોજવામાં આવેલ હતી. ત્યારબાદ ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિઃહ જાડેજા, ઉપપ્રમુખ રમણીકભાઈ પી. અકબરી, માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસ, માનદ સહમંત્રી



કૃણાલભાઈ વી. શેઠ, માનદ ખજાનચી અજેશભાઈ વી. પટેલ, માનદ અડીટર રાજેશભાઈ બી. ચાંગાણી, માનદ સંપાદક સુધીરભાઈ વછરાજાની, ચેમ્બરના તત્કાલીન પુર્વ પ્રમુખતુલસીભાઈ વી.ગજેરા, પુર્વ પ્રમુખ કીરીટભાઈ પી. મહેતા, લાખાભાઈ એમ. કેશવાલા તથા ઉપસ્થિત ચેમ્બર સંલગ્ન એસો.ના સર્વ જામનગર ફેકટરી ઓનર્સ એસો.ના ખજાનચી, ભાઈલાલભાઈ સી. ગોધાણી, ધી સીડઝ એન્ડ ગ્રેઈન મર્ચન્ટસ એસો.ના મંત્રી લક્ષ્મીદાસભાઈ રાયઠઠા, જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસો.ના ઉપપ્રમુખ દિનેશભાઈ ડાંગરીયા, જામનગર ઈલેક્ટ્રીક કોન્ટ્રાટકર એન્ડ ડલર્સ એસો.ના મંત્રી કીરીટભાઈ મહેતા, પટેલ કોલોની ઈન્ડસ્ટ્રીયલ એસો.ના જીતેન્દ્રસિઃહ ઝાલા, ઈન્કમટેકસ પ્રેકટીશનર્સ એસો.ના મંત્રી કૌપીલભાઈ દોશી, અકઝીમ મેટલ મર્ચન્ટ એસો.ના પ્રમુખ કાંતિભાઈ જોશી, જામનગર ગુડઝ ટ્રાન્સપોર્ટર એન્ડ કમિશન એજન્ટ એસ.નના વિક્રમભાઈ ઓડેદરા, જામનગર શેર હોલ્ડર્સ એસો.ના પ્રમુખ મુગટભાઈ શાહ, જામનગર બારદાનવાલા એસો.ના ઉપપ્રમુખ શંભુભાઈ મંગે, સૌ. ઓઈલ મીલ એસો.ના અશ્વીનભાઈ સરોડીયા, તથા જામનગર હાર્ડવેર મેન્યુફેકચરર એસો.નના મનસુખભાઈ સાવલાના વિગેરે મહાનુભાવોના હસ્તે સાંસદ સભ્ય પુનમબેન માડમનું પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ ચેમ્બરની ઈન્કમટેકસ અને કોર્પોરેટલોઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે ચેમ્બર દ્વારા તૈયાર કરેલ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦ ના બજેટ ના સુચનોનું વાંચન કરેલ હતું. તેમજ ઉપસ્થિત સભ્યઓ તથા વિવિધ એસો.ના હોદેદારો દ્વારા રજુ કરવામાં આવેલ સુચનોને નાણામંત્રાલય દ્વારા માન્યતા આપવામાં આવે જેથી વેપાર ઉદ્યોગને રાહત થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માન. સંસદસભ્ય પુનમબેન માડમને રજુઆત કરેલ હતી.